# લલિતત્રિપુર સુંદરી માતા મેરૂમહાલક્ષ્મીનું મંદિર

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

પ્રાર્થનાનું ફળ તો મળે જ છે. માણસ જ ભકત બની જાય છે અને ભકત પોતાના પરિવાર માટે તો કોઈ ભકત પોતાના સમાજ માટે સુખશાંતિ મેળવવાની કોશિશ કરે છે અને દેવ-દેવીઓની આરાધના કરે છે પણ એવા પણ ભકતો થયા છે જેમણે માનવજીવની રક્ષા માટે આરાધના અને ભક્તિ કરીને દેવોને પ્રસન્ન કર્યા છે અને એવા પણ સતપુરુષો, સંત, સાધુ, મહંતોની વૃત્તિવાળો કે જેમણે પોતે જે ધરતી પર રહે છે, જીવે છે તે ધરતીનો વિકાસ થાય એમાં રહેતા જીવો, વસતા માણસો સુખસંપન્ન બને અને સુખ-શાંતિ, સંપન્નતા કાયમી સ્વરૂપે આપવાની ક્ષમતા દેવયોનિ જ ધરાવે છે. દેવ-દેવી-દેવતા પ્રસન્ન થયા પછી વસ્તી, ગામ, શહેર અને રાષ્ટ્રવિકાસના માર્ગે જવા લાગે છે. આવો ઈતિહાસ છે.

નવ-નિર્માણ-રક્ષણ અને સંહાર આ જગતમાં ચાલતું વિશ્વચક્ર છે અને તેના અધિપતિઓ શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ અને શંકરજી છે. ભારતની આ ભૂમિ સનાતન ધર્મથી પ્રેરિત છે. સામ-દામ-દંડ અને ભેદનો ન્યાય અહીં ચાલે છે. સત્યનું ફળ ઉત્તમ અને પુણ્યશીલ હોય છે અને અસત્યનું પરિણામ દુઃખ અને પાપના માર્ગથી આવે છે.

સજ્જનતા, સાત્ત્વિકતા, સનાતનતા, સત્ય અને દૃઢનિશ્ચયી સંતસ્વભાવી દેવસ્વરૂપ માણસની ભક્તિ અને ધ્યાસ, પ્યાસ અને અંતરિક વિચારધારાની સરિતાની વાત આવે છે. સ્વ. પૂનમચંદ માધવલાલ શાહ, જે દેવીમાતાના પરમ ઉચ્ચ કોટિના સાધક હતા. સમગ્ર નવ દુર્ગામાતાઓની સંપૂર્ણ કથાનો આધ્યાત્મિક અભ્યાસ એમણે કર્યો હતો અને શ્રી યંત્રધારી દેવી માતાની સ્થાપના સુરત ખાતે તાડવાડી રાંદેર રોડ વિભાગમાં કરવાનો નિશ્ચય કર્યો અને સહકારીઓએ ભેગા મળીને કાર્યની શરૂઆત કરી હતી. યંત્રનો પ્રભાવ



તો પડે છે પણ શ્રી યંત્રનું વિશેષ પરિણામ જોવા મળે છે. જે ભૂમિ પર તે પ્રસ્થાપિત થાય છે તેનું પરિસર સમૃદ્ધ બને છે અને જ્યાં શ્રી યંત્રનું સંગોપન થાય છે ત્યાંનું પરિસર-પ્રદેશ કે રાજ્ય સર્વજ્ઞ કક્ષાએ ઉપર ઊઠે છે.

શ્રી મેરૂલક્ષ્મી શ્રી યંત્ર મહાપ્રતાપી પરિણામી અને અક્ષય વિકાસશીલ ઉદ્યમી અને સમૃદ્ધ કરનારું મહા પરાક્રમી શ્રી યંત્ર છે.

ઈ.સ.1995માં સુવર્ણ લાભ કાળમાં મેરૂમહાલક્ષ્મીયંત્ર આધારિત શ્રી રાજરાજેશ્વરી મહાલક્ષ્મી, અષ્ટદશ ભુજાંગિની માતાનું ભવ્ય દિવ્ય મંદિર તાડવાડી રાંદેર રોડ પર નિર્ણાણ થયું અને દર્શનાર્થી દર્શને આવવા લાગ્યા. સુરતની સત્સ્વભાવી પ્રજા શિક્ષણ કરતાં વ્યવસાયમાં વધારે ધ્યાન આપનારી શ્રમજીવી અને ઉદ્યમી પ્રજા છે. સુરતનાં શાન, માન અને કીર્તિ વધારવામાં પ્રજાનો મોટો ભાગ છે. ઈ.સ. 1978માં મેરૂલક્ષ્મી મંદિરનો પાયો નંખાયો ત્યારે રાષ્ટ્રીય કક્ષાએ કહી શકાય એવા ઉદ્યોગો સુરતમાં ન હતા. એક બરોડા રેયોન કંપની હતી અને જયારે શ્રી મેરૂમહાલક્ષ્મી યંત્ર આધારિત મંદિરનો પાયો નંખાયો ત્યાર પછી આંતરરાષ્ટ્રીય કક્ષાના અનેક ઉદ્યોગથી સુરત ધમધમી ઊઠયું. ચારે દિશાઓમાં સુરતનો આશ્ચર્યકારક વિકાસ થવા લાગ્યો.

મંદિરમાં થયેલ શ્રી યંત્ર અને મૂર્તિઓના પ્રાણપ્રતિષ્ઠાના પ્રતાપે સુરત પરિસર ઉદ્યોગોથી મહેકતું થયું છે અને હજી પણ ઉત્કર્ષિત થશે. વિકાસની ગતિ વધશે. સુરતની રૈયત ઉપર, ગુજરાત રાજ્ય ઉપર અને આપણા પ્રાણથી પ્યારા ભારત દેશ ઉપર તથા સમગ્ર જગત ઉપર માતાજીના અમર આશિષ વરસતા જ રહેશે.

ત્રણ માળના ભવ્ય દિવ્ય મેરૂમહાલક્ષ્મી મંદિરના ત્રીજે માળે મહાલક્ષ્મી માતા વચ્ચે અને જમણી બાજુ મા મહાકાલીમાતા અને ડાબી બાજુ મા સરસ્વતી માતાજીની ઊભી મૂર્તિઓ છે. આગળ મહાદેવ શ્રી યંત્રની સ્ફટિકની પ્રતિકૃતિ છે. દર્શનાર્થી ભકતના જમણા હાથે સિદ્ધિ વિનાયક ગણપતિજી છે અને ડાબી બાજુ રામભકત હનુમાનજી છે. ચારો દિશાઓએ દિશાના સ્વામી પૂર્વમાં ઈંદ્રદેવ છે, પશ્ચિમે ભગવાન વરૂણ દેવ ધન્વંતરી રૂપે હાથમાં અમૃત કુંભ લઈ ને ઊભા છે. ઉત્તર દિશામાં ધનપતિ કુબેર મહારાજ છે અને દક્ષિણમાં યમદેવ ભૈંસા પર છે.

દર્શનાર્થી નરનારી, બાળક કે યુવાન, વૃદ્ધ અનેક કામનાઓથી દર્શને આવતા હોય છે પણ બધાની ઈચ્છા

ત્રણ માળના ભવ્ય દિવ્ય મેરૂમહાલક્ષ્મી મંદિરના ત્રીજે માળે મહાલક્ષ્મી માતા વચ્ચે અને જમણી બાજુ મા મહાકાલીમાતા અને ડાબી બાજુ મા સરસ્વતી માતાજીની ઊભી મૂર્તિઓ છે

તો સુખશાંતિ, સંતોષ અને સમાધાન વૃત્તિ જ હોય છે. બધી જ મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાનું કાર્ય આચાર્ય પદે વેદાંતચાર્ય શ્રી જનેશભાઈ ઈન્દ્રમણિ શંકર શુકલજીના માર્ગદર્શન હેઠળ થએલ અને અનેક નાથવંત સાધુ-સંતો-મહંતો અને આચાર્યોએ ભાગ લીધો હતો. શહેરના વિકાસ સાથે દર્શનાર્થી સુખ, સમૃદ્ધિવાન, યશોવંત અને સ્વાસ્થ્ય સુખી, વિદ્વાન, સત્યાગ્રહી અને સંપન્ન બને એવી પ્રાર્થના માતા ત્રિપુર સુંદરી શ્રી મેરૂમહાલક્ષ્મીને કરી છે. એટલે જ આ મંદિરમાં આવીને દર્શન કરનારો દર્શનાર્થી સ્વયં પરિવાર સાથે આધિ, વ્યાધિ ઉપાધિથી મુકત થઈને શાંત, પ્રશાન્ત, વિવેકી, સંયમી અને સનાતની બને છે તથા સંસારસુખ માણીને ઉત્તમ ગૃહસ્થાશ્રમી બને છે. આગળ આપણે શ્રી યંત્રની વિશેષ કથા વાંચીશું.

---

# શિવ મહિમા



**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

પૂ. ગુરુદેવ શ્રી હરિ અને હરની પરસ્પર પ્રીતિની વાત કરતાં કહે છે કે શ્રી હરિની ઈચ્છા અને શિવજીની કૃપાથી શિવચરિત્રની મંગલમય કથાનું શ્રવણ કરીશું. શિવચરિત્ર સમુદ્ર સમાન છે. 'ચરિત સિંધુ ગિરજા રમન' એમાં આપણા તરફથી કંઈ ન ઉમેરાય. એ તો 'અપને આપમેં પૂર્ણ હૈં'. જેમ આપણે વાત કરી હતી કે સમંદરને કંઈ ન જોઈએ પણ સરિતા સમંદરમાં ભળીને પૂર્ણતા પ્રાપ્ત કરે, સરિતાની ધન્યતા એમાં જ છે. વિદ્યાનિધિને વિદ્યા! વિદ્વાનની સાર્થકતા, ધન્યતા એમાં જ છે. પૂર્ણને શું આપી શકો? એમાં શું એડ કરી શકો, પણ આપણે પૂર્ણતા પ્રાપ્ત કરીએ. શિવ ચરિત્રનું ગાયન, શ્રવણ અને દર્શન કરીએ. શિવ ચરિત્રને સમજવુ આપણી બુદ્ધિથી તો સંભવ નથી એટલે 'તવ તત્ત્વં ન જાનામિ'- નથી જાણતા પણ ચર્ચા, ગાયન, કથા-વાણી સાર્થકતા હેતુ, શ્વાસોની ધન્યતા હેતુ વામયી પૂજા કરીશું. એ જ છે તેમને નમસ્કાર કરવાના ભાવ.

શિવપુરાણ, ભાગવત, રામ ચરિત્ર અન્ય ગ્રંથોના સહારે કાશ્મીરનું શિવ પુરાણ અલગ અને અદભૂત છે! આપણે ત્યાં કહેવાય છે કે સંસ્કૃત પાઠશાળા હોય ત્યાં શિવાલય અવશ્ય હોવું જોઈએ. ભલે નાનું હોય, ઋષિકુમારો દ્વારા શિવ આરાધાના અનિવાર્યરૂપે થવી જોઈએ. નહીં તો વિદ્યા નહીં ચઢે. ભગવાન શંકરના ડમરૂથી જ સૌ સૂત્ર પ્રગટ થયા છે. એમની દેન છે. શંકર-પૂજા, આરાધના આવશ્યક છે. ભગવાન શંકરજીની કૃપાથી જ શંકરજીનું ગાયન, દર્શન, મહાત્મ્ય જાણીશું. જેમ ભાગવત નારાયણ સ્વરૂપ છે તેમ શિવ-ચરિત્ર શિવ સ્વરૂપ છે. નહીં તો શિવજી વગર આપે કોણ? શિવે શિવપુરાણ દ્વારા પોતાને પ્રદત્ત કર્યા છે. સનત્કુમાર દ્વારા વ્યાસજીને મળ્યું અને વ્યાસજીએ સમાસ કર્મો, વિસ્તાર નહીં. મૂળ શિવપુરાણની 12 સંહિતા 100000 (એક લાખ) શ્લોકને અત્યારે 7 સંહિતા 24000 શ્લોક વડે નાનું કર્યું. રામાયણમાં 100 કરોડ છે. શતકોટિ અપારા પ્રારંભમાં 1 અરબ શ્લોકવાળું શિવ પુરાણ હતું. વિસ્તારવાળાને સમાસ પણ આવડે. વ્યાસજી પણ ચિરંજીવી છે. અનેક વ્યાસ થયા. અત્યારે પણ નથી પૂછતાં કે- કથાના વ્યાસ કોણ છે? સંક્ષેપ કરી 4 લાખ શ્લોક કર્યા. આ કામ નિષ્ઠાનું છે. કથાને સમેટવાનું કામ સરળ નથી.

શંકરજી ચપટી વગાડતાં કરે સંહારનું કામ. કથા કર્યા પછી જે કાર્ય કર્તા કરે તે શંકરજી. કથાના આરંભમાં બ્રહ્મા સ્વરૂપ. કથા શરૂ હોય તે વિષ્ણુ ને અંતમાં શંકર સ્વરૂપ. એ બિચારા કાર્યકર્તા વીડિયોમાં ન દેખાય, ફોટો ન આવે, નોંધ લેવાવાળા પણ ન હોય, પત્રકાર પણ ન ડોકાય. બિચારા ભોળા તો ય મંડપ વિસર્જન જેવા કાર્યમાં લાગ્યા હોય! સમેટવામાં કોઈ ન કરે એ કામ શંકર કરે. શંકરજીનો સંબંધ ફાયરથી થાય. અગ્નિ તત્ત્વ સાથે. શિવ ભોલે હૈ. રામ ચરિતમાં 7 કાંડ તેમ શિવ પુરાણમાં 7 સંહિતા. ભાગવતમાં સ્કંધ, મહાભારતમાં પર્વ અને ઉપનિષદમાં વલ્લી.

સત્સંગ અને સત્કર્મ બંને જરૂરી છે. અમારે ત્યાં સૌરાષ્ટ્રમાં ભંડારો ન હોય તો કહે- કોરી કથા કરી. પૂછે- હરિહર છે? જમવાનું છે? વગર સત્સંગે સત્કર્મ ફળ ન આપે. એવું શાશ્વત સાધન બતાવો જે પરમ મંગલમય હોય, પવિત્રમાં પવિત્ર હોય, કલ્યાણકારી હોય, ભક્તિ વધારનારું હોય, સર્વાત્કૃષ્ટ હોય. આ જ ભાવ સંત, પંથ અને કંથમાં હોય. સૌ પ્રત્યે આદર હોય પણ પેલી સિરિયલ હતી ને? 'જસ્સી - જૈસી કોઈ નહીં' એવો ભાવ થાય તો માણસ ભટકે નહીં, લટકે નહીં. શાશ્વત ઉપાય, સર્વોત્કૃષ્ટ ઉપાય બતાવો. અંતઃકરણની વિશેષ શુધ્ધિ અને તે પણ શીઘ્રતાથી થાય. રચયિતા એક છે પણ દરેકના ઈષ્ટના હિસાબથી રચના કરી જેથી દરેકને પોતાના ઈષ્ટમાં અનુરાગ થાય. સૂતજી કહે છે. ભાગવતમાં ધુંધુકારી અને આત્મદેવની વાત છે. જાણવા છતાં ગુનો કરે તો કઠોરતાથી દંડ બ્રાહ્મણ વર્ણોનો ગુરુ અને ધર્મનો જ્ઞાતા એને વિશેષ દંડ થાય.

ભાગવતમાં નામ પ્રકરણમાં અજામિલની કથા આવે. એ પણ બ્રાહ્મણ, કુસંગથી બગડ્યો. એમ જ્ઞાનમાં દુર્બળ, દરિદ્ર, બ્રાહ્મણના ધનથી વંચિત-વિદ્યા, તપ, સદાચાર, સંતોષ નથી એ રસ વેચનારો છે, વૈદિક ધર્મથી વિમુખ, બ્રાહ્મણોચિત સ્નાન, સંધ્યા નિત્ય કર્મથી રહિત. વેપાર કરે પણ ઉચિત ધર્મથી વિમુખ રહીને. દૂધ-ઘી ભેળસેળ યુક્ત વેચતો હશે. પૈસાના કારણે જનતાના આરોગ્ય સાથે ખિલવાડ કરે! કેટલું મોટું પાપ! કઠોર દંડ આપવો જોઈએ. સિન્થેટિક દૂધ! કેટલુ મોટું પાપ! ભ્રષ્ટાચારને કારણે નિષ્ઠાથી કામ ન થાય તો આવા લોકો વધે, મીડિયાવાળા જાગૃત કરે. દેવરાજ પ્રતિષ્ઠાનપુર એટલે હાલનુ પ્રયાગરાજ ત્યાં પહોંચ્યો. શિવાલય જોયુ. શિવપુરાણની કથા ચાલે. ધર્મશાળામાં રોકાયો, હોટલ તો ભારે ન હતી. જ્વર ચઢ્યો તેથી પીડાથી પડ્યો રહ્યો. શિવાલયના પ્રાંગણમાં શિવપુરાણની કથા ચાલે. બ્રાહ્મણ દેવ કથા સંભળાવે. જવાય એવી તાકાત ન

જ્વર ચઢ્યો તેથી પીડાથી પડ્યો રહ્યો. શિવાલયના પ્રાંગણમાં શિવપુરાણની કથા ચાલે. બ્રાહ્મણ દેવ કથા સંભળાવે. જવાય એવી તાકાત ન હતી. અશક્ત અને વળી જ્વરગ્રસ્ત ને દેવરાજના કાનમાં શિવકથા પડી

હતી. અશક્ત અને વળી જ્વરગ્રસ્ત ને દેવરાજના કાનમાં શિવકથા પડી. રોજ કથા થાય. રોજ પડ્યા પડ્યા સાંભળે એમ સાંભળતા- સાંભળતા 1 માસમાં એ રોગગ્રસ્ત સ્વધામ ગયો. સ્વાભાવિક રૂપથી જ બગડેલો બ્રાહ્મણ, પાપી તેથી યમદૂત આવ્યો. અજામિલની કથા યાદ દરો. યમપુરીમાં લઈ ગયા. શિવ પુરાણ પઢેલુ, જ્યારે એ રોગગ્રસ્ત થઈ પડેલો ત્યારે. શિવજીની ઉદારતા, મહાનતા અને સહજતા જુઓ! એ કંઈ કથા સાંભળવા તો આવ્યો ન હતો, એ તો વિવશ હતો, પડ્યો હતો ને કાનમાં કથા પડી.

શિવરાત્રિની મહિમાની કથામાં એ જ છે ને કે શિકારી ભૂખો ને બિલીપત્રને વૃક્ષ પરથી પત્તા પડ્યા શિવલિંગ પર ને ભોલેબાબા પ્રસન્ન! ભોલેબાબામાં કૃપા એટલી ફાટ-ધાટ થાય કે કોઈને કોઈ બહાનું શોધે-વરસવાનું 'ન જાને કૌન સે ગુણ પે દયાનિધિ રીઝ જાતે હૈ' કૃપા કરી. અજામિલે નારાયણને નહીં પોતાના દીકરાને પુકાર્યો ને કૃપા વરસી પડી! નામ અને નામીની ઉદારતા તો જુઓ! આવી વાતોથી પણ જેનું મન પીગળે નહીં, દ્રવીભૂત ન થાય? હવે દેવરાજનું શું થયું તે રસપ્રદ કથા હવે પછી.

પૂ.શ્રી રમેશભાઈ ઓઝાના સત્સંગને આધારે